Registration No.: CC/ 101264/2019
Filing No.: CC/ 101264/2019
Filed On: 14/11/2019
Registered On : 14/11/2019
Decided on : 14/12/2019
Duration: dd/mm/yy

**IN THE COURT OF ADD.CHEIF METROPOLITAN MAGI.COURT NO.1 AT.AHMEDABAD**

**CRIMINAL CASE NO. 101264 OF 2019.**

CC/ 101264/2019 Exh.4

**Complainant**:

**1.** The state of Gujarat

**VERSUS**

**Accused**:

1. Dineshbhai Bherumal Luhar,
   Age: 24, Occupation: Business,
   Reside At: 7/215, Char maliya,Vatva,
   Ahmedabad , Dist.Ahmedabad.

Appearance :
Miss. Mekvan A.P. P. For Complainant 1,
No Advocate For Accused 1 ,

---

**ગુનોઃ ભારતીય દંડ સંહિતાની કલમ—૨૮૩ મુજબ.**

**–: J U D G E M E N T :–**

(૧) **ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે** આ કામના આરોપીએ તા. ૧૪/૧૦/૨૦૧૯ ના કલાક ૧૨.૪૫ વાગે પોતાની આઇસ્ક્રીમની લારી ગોવિંદવાડી ચાર રસ્તા પર રાખી આવતા જતા રાહદારી ટ્રાફીકને અડચણ થાય તેમ કરી રાખેલ હોઇ તે અંગે ફરિયાદીએ ફરિયાદ આપતાં તે અંગે ઇસનપુર પો. સ્ટે. સે.ગુ.ર.નં.૩૭૬૦/૧૯ નો ભારતીય દંડ સંહિતાની કલમ—૨૮૩ મુજબનો ગુનો કરેલ જે અંગે તપાસના અંતે ત.ક.અધિ.શ્રીએ ક્રિ.પો.કોડની કલમ—૧૭૩(૨)તળે ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીને સંમશ કાઢતાં બજી જતાં આરોપી હાજર થતાં તેમને વિના મુલ્યે નકલો પુરી પાડયાની ખાતરી થતાં મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ આરોપી સામે આંક.૨ થી પ્લી લેતાં,ગુનો કર્યાનો ઇન્કાર કરતાં આંક.૩ થી પ્લી લેતાં ગુનો કબુલ હોવાનું

જણાવેલ.

(૩) આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી થતા અગાઉ આરોપીનાએ ગુનો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ ગુનો છે અને તેમના કુંટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે રહેલ છે તેવી રજુઆત કરેલ છે. આરોપીના ગુનો  કબુલ કરેલ છે તે અંગે તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની  સજાની જોગવાઇ સમજાવતા છતાં તેઓ ગુનો કબુલાતને વળગી રહેલ છે જેથી  તે ન માનવાને કોઈ કારણ નથી આથી આરોપીને હવે ઈ.પી.કો.ની કલમ–૨૮૩ તળેના ગુના સબબ તકસીરવાન ઠરાવવામા આવે છે. અને આરોપીને સજા અંગે સાંભળ્તા આ તેમનો પ્રથમ ગુનો છે અને ગરીબવર્ગના હોવાનું જણાવેલ છે.આથી તે રજુઆત જોતાં, આરોપીનો પ્રથમગુનો હોઇ કાયદાનુસાર મહત્મ સજા ન કરતા હળવી કરવામા આવેતો ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ છે. આથી વિશેષ ચર્ચા ન કરતાં મુદ્દાનં.૧ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવીને રૂ.૧૦૦/–(એકસો રૂપિયા પુરા)નો દંડ કરવામાં આવે છે જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાયતો દિન–૧૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪/૧૨/૨૦૧૯ ના રોજ માં સ્પેશીયલ સીટીંગ/ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date . 14/12/2019**
**Place :**
**SPECIAL SITTING ,**
**AHMEADABAD**

**MR.UTTAMKUMAR NARAYANDAS SINDHI**
**GJ-00741**
**ADDL.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEADABAD**